ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અ.જા.)ને વર્ષ:૨૦૨૧-૨૨ માટે શેરમુડીની કરેલ જોગવાઈની ફાળવણી કરવા બાબત. રૂ.૧૦૦.૦૦ લાખ.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:-અપબ/૧૦૨૦૧૩/૭૫૮૩૭૭/જ,
સચિવાલય, ગાંધીનગર.
તા:- ૨૮/૦૬/૨૦૨૧

વંચાણમાં લીધા:-

૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા:૨૧/૦૯/૨૦૧૨ નો ઠરાવ ક્રમાંક:અપબ/૧૩૦૮/ન.બા.૧૭/જ

૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૫/૦૫/૨૦૨૧નો ઠરાવ ક્રમાંક:બજટ/૧૦૨૦૨૦/૩૦૯/બ

3) ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અ.જા.), ગાંધીનગરનો તા:૦૧/૦૬/૨૦૨૧નો પત્ર ક્રમાંક:ડૉ.આંઅંવિનિ/૨૦૨૧/૨૬૧/વહીવટ/૧૩૬૩ થી ૧૩૬૪

આમુખ:-

અનુસૂચિત જાતિઓ પૈકી અતિ પછાત જાતિઓમાં વાલ્મિકી, હાડી, નાડિયા, સેનવા, તુરી, ગરો, વણકરસાધુ, અનુસૂચિત જાતિના બાવા, તીરગર, તીરબંદા, થોરી, માંતગી જેવા અતિ પછાત જાતિના લોકો અન્ય જાતિઓના સરખામણીમાં ચોક્કસ પ્રગતિ કરી શકે અને તેમનો આર્થિક વિકાસ થઈ શકે અને અતિ પછાત જાતિ માટે ગરીબલક્ષી, તાલીમલક્ષી તથા સ્વરોજગારી યોજનાઓનો સરળ રીતે લાભ મેળવી શકે તે માટે વંચાણમાં લીધેલ ક્રમ નં-૧ પરના ઠરાવથી ગુજરાત અનુસુચિત જાતિ અતિ પછાત વિકાસ નિગમની રચના કરવામાં આવેલ છે. જેનુ નામાભિધાન હાલ ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અ.જા.), કરવામાં આવેલ છે. અને નિગમ માટે અધિકૃત શેર કેપીટલ રૂ.૧૦.૦૦ કરોડ મંજુર કરવામાં આવેલ છે.

વંચાણે લીધેલ ક્રમ-૦૨ પરના આ વિભાગના તા.૦૫/૦૫/૨૦૨૧ના ઠરાવથી રૂ.૧૦૦.૦૦ કરોડથી ઓછી રકમની યોજનાઓને વહીવટી મંજુરી આપવામાં આવેલ છે. જેમાં ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અ.જા.)નો શેરમુડી ફાળાનો પણ સમાવેશ કરવામાં આવેલ છે.

ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અ.જા.) માટે વર્ષ:૨૦૨૧-૨૨ના નાણાંકીય વર્ષ માટે આયોજન સદરે રૂ.૨૫૦.૦૦ લાખની જોગવાઈ કરેલ છે, જેમાં રૂ.૧૦૦.૦૦ લાખની જોગવાઈ શેરમુડી પેટે કરવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમ-૦૩ પરના તા: ૦૧/૦૬/૨૦૨૧ના પત્રથી ડૉ.આંબેડકર

અંત્યોદય વિકાસ નિગમ(અ.જા.) દ્વારા વર્ષ: ૨૦૨૧-૨૨ની અધિકૃત રૂ.૧૦૦.૦૦ લાખની શેરમુડી ફાળવવા દરખાસ્ત કરેલ છે.

ઠરાવ:

ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અ.જા.)ની ઉકત દરખાસ્ત પરત્વે પુખ્ત વિચારણાને અંતે વર્ષ: ૨૦૨૧-૨૨માં કરવામાં આવેલ બજેટ જોગવાઈ અન્વયે રૂ.૧૦૦.૦૦ લાખની (રૂપિયા સો લાખ પુરા) શેરમુડી નિગમના હવાલે નીચેની શરતોને આધિન મુકવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

૧. ભારત સરકારને કરવાની થતી દરખાસ્તો સમયસર કરવાની જવાબદારી/મળવાપાત્ર થતો હિસ્સો સમયસર મેળવી લેવા માટે અસરકારક કાર્યવાહી કરવાની જવાબદારી ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અ.જા.)ના મેનેજીંગ ડિરેક્ટરશ્રીની રહેશે.

૨. ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અ.જા.)એ તેમના ઑડિટ હિસાબો વર્ષ પુરૂ થયે સમયસર આખરી કરી રજુ કરવાના રહેશે.

૩. શેરમુડીનો ઉપયોગ કરકસરયુક્ત અને નિયમોનુસાર કરવાનો રહેશે.

૪. આ શેરમુડી નાણાં વિભાગના પરિપત્રો/ઠરાવો/નિયમો મુજબ ખર્ચ કરવાનો રહેશે.

આ અંગે થનાર ખર્ચ ચાલુ વર્ષમાં થયેલ બજેટ જોગવાઈ માંગણી નંબર-૯૫ આયોજન સેક્ટર-ખ સામાજિક સેવાઓ, મુખ્ય સદર-૨૨૨૫-અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાતવર્ગ અને લઘુમતીઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદર-૦૧-અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર-૧૯૦ જાહેર ક્ષેત્રો અને અન્ય ઉપક્રમોને સહાય, પેટા સદર-03, SCW-14 (બીસીકે-૪૧) ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ (વહીવટી ગ્રાન્ટ) સદરે થયેલ જોગવાઈમાંથી મેળવવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ની તા:૨૧/૦૬/૨૦૨૧ની નોંધથી મળેલ સમંતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દિગ્વિજયસિંહ કુંપાવત)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રીનુ કાર્યાલય, સામાજિક ન્યાય અને અધિકારીતા, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

- અધિક મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/ રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અ.જા.), કર્મયોગી ભવન, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી (બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી (કોમ્પ્યુટર સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. ઉકત ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ.
- પસંદગી ફાઇલ-૨૦૨૧.